અગ્રતા ક્રમ ૧

વિભાગ:- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન :- ૧૫/૪/૧૯૦૦

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

**વિધાનસભામાં જવાબ આપવાની તારીખઃ ૨૭.૦૨.૨૦૨૪ (બીજી બેઠક)**

પ્રશ્નનું શિર્ષક:- બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન આપવા બાબત.

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર

શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા)

અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને પુછેલ પ્રશ્ન | |
| | વિભાગે આપેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ/સરકારશ્રીની નીતિ | પેટા પ્રશ્ન પુછનાર |
| | પૂરક માહિતી | માન.ધારાસભ્યશ્રીના નામ |
| પેટા પ્રશ્ન ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે કેટલી અરજીઓ મળી? અને કેટલી નામંજુર/દફતરે કરવામાં આવી? | શ્રી પ્રવિણભાઇ માળી ( ડીસા ) |
| પેટા પ્રશ્ન ૨ | આવી અરજીઓ નામંજુર/ દફ્તરે થવાના કારણો શુ હતા તથા હાલ શું સ્થિતિ છે? | શ્રી પ્રવિણભાઇ માળી ( ડીસા ) |
| પેટા પ્રશ્ન ૩ | બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે ફાળવણી કરેલ જમીન પૈકી કેટલી જમીન ગૌચર, ગામતળ, ખલવાડ અને સરકારી પડતર સદરની છે ? | શ્રી કેશાજી ઠાકોર (દિયોદર) |
| પેટા પ્રશ્ન ૪ | આરોગ્ય કેન્દ્ર માટે જમીન કઈ નિતી અંતર્ગત ફાળવવામાં આવી ? | શ્રી કેશાજી ઠાકોર (દિયોદર) |
| પેટા પ્રશ્ન ૫ | આરોગ્ય કેન્દ્ર માટે જમીન ફાળવવાની સત્તા કોને છે ? | શ્રી અનિકેત ઠાકર (પાલનપુર) |
| પેટા પ્રશ્ન ૬ | જમીન ફાળવવાથી ગૌચરની જમીન માટે ગૌચરની ઘટ ના થાય તેના માટે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે? | શ્રી અનિકેત ઠાકર (પાલનપુર) |
| પેટા પ્રશ્ન ૭ | આ હેતુ માટે જમીન ફાળવવાના ધોરણો શું છે ? | |

# વિધાનસભાએ વિભાગને પુછેલ પ્રશ્નઃ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1900

વિષય:

બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન આપવા

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 20/01/2024 | તારીખ 21/02/2024 | 07/02/2024 |

*15/4/1900 શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી(ડીસા)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?

----

મુખ્ય પેજ ઉપર જાઓ

# વિભાગે આપેલ જવાબ:

બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન આપવા બાબત

*૧૫/૪/૧૯૦૦ શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી માનનીય :(ડીસા)મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે–:

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧૨૩ની સ્થિતિએ છેલ્લા /૧૨/ બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિકઆરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) વર્ષ ૨૦૨૨માં મંજૂર કરેલ અરજીઓ: ૩૭<br>વર્ષ ૨૦૨૩માં મંજૂર કરેલ અરજીઓ: ૨૮<br>કુલ : ૬૫ |
| (૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી? | (૨) વર્ષ ૨૦૨૨માં ફાળવેલ જમીન : ૨૯૦૦૧ ચો.મી.<br>વર્ષ ૨૦૨૩માં ફાળવેલ જમીન: ૪૨૫૦૦ ચો.મી.<br>કુલ : ૭૧૫૦૧ ચો.મી. |

---

ગૃહમાં જવાબ આપવાની તારીખ: /૦૨/૨૦૨૪

ક્રમાંક: RD/MSC/e-file/15/2024/2052/A (Land)

મહેસૂલ વિભાગ,<br>
સચિવાલય, ગાંધીનગર.<br>
તા. /૦૨/૨૦૨૪

પ્રતિ,

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર તરફ તેઓશ્રીના ના પત્ર ક્રમાંક: પ્ર/ અન્વયે.

(ભાવિન પટેલ)<br>
નાયબ સચિવ<br>
મહેસૂલ વિભાગ

<u>નકલ રવાના:</u>

- સેક્શન અધિકારી, બ૧ શાખા–, મહેસૂલ વિભાગ, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by: Bhavin Patel
Deputy Secretary
Date: 2024.02.17
11:46:40 +05:30

File No: RD/MSM/e-file/15/2024/2052/A (Land)
Approved By: Minister,Minister Office-IMD,IMD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

મુખ્ય પેજ ઉપર જાઓ

## હાર્દ: સરકારશ્રીની નીતિ

- સરકારના વિવિધ વિભાગો/ખાતાના વડાઓને સરકારી મકાનો, કચેરી, રોડ રસ્તા, પુલોના બાંધકામ માટે મહેસૂલ વિભાગના તા.૨૩/૦૨/૨૦૨૨ના પરિપત્ર દ્વારા ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના વહીવટી હુકમ-(૩) હેઠળ જમીનની ફાળવણી ઝડપથી થાય અને ફાળવણીના ધોરણોમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી સુશાસનના ભાગરૂપે કાર્યવાહી આઇઓરા પોર્ટલમાં ઓનલાઇન કરવામાં આવેલ છે.
- કલેક્ટરશ્રીઓ વહીવટી હુકમ-(૩) હેઠળ એક હેક્ટર (૧૦,૦૦૦ ચો.મી.)ની મર્યાદામાં જમીન તબદીલી કરી શકે છે. ઉપરાંત, ગૌચર જમીનની ફાળવણી માટે સરકારશ્રીની પૂર્વ-મંજુરી મેળવવાની રહે છે.
- બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આરોગ્ય કેન્દ્ર માટે આપેલ સરકારી જમીની વિગતો નીચે મુજબ છે.

| મળેલી અરજીઓ | મંજુર અરજી | ના-મંજુર અરજી |
|---|---|---|
| ૮૪ | ૬૫ | ૧૯ |

- બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૨૨ માં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા પેટા આરોગ્ય કેન્દ્રના હેતુ માટેની કુલ ૩૭ જમીન ફાળવણી અરજીઓ મંજુર કરી ૨૯૦૦૧ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે. જેમાં કુલ ૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે તથા ૩૫ પેટા આરોગ્ય કેન્દ્ર માટે જમીન ફાળવણી કરવામાં આવેલ છે.
- બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૨૩ માં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા પેટા આરોગ્ય કેન્દ્રના હેતુ માટેની કુલ ૨૮ જમીન ફાળવણી અરજીઓ મંજુર કરી ૪૨૫૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે. જેમાં કુલ ૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે તથા ૨૫ પેટા આરોગ્ય કેન્દ્ર માટે જમીન ફાળવણી કરવામાં આવેલ છે.
- જે મુજબ વર્ષ ૨૦૨૨ તથા વર્ષ ૨૦૨૩ માં કુલ ૬૫ અરજીઓ મંજુર કરી ૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા ૬૦ પેટા આરોગ્ય કેન્દ્ર માટે કુલ ૭૧૫૦૧ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવેલ છે.
- સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ ના ઠરાવની જોગવાઈ મુજબ નીચે મુજબના નોર્મસ નક્કી થયેલ છે.

  - પેટા આરોગ્ય કેન્દ્ર માટે ૫૦૦ ચોરસ મીટર જમીન
  - પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ૧૦,૦૦૦ ચોરસ મીટર જમીન
  - સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે ૧૦,૦૦૦ ચોરસ મીટર જમીન

# અરજીઓ નામંજુર અથવા દફતરે થવાના કારણો નીચે મુજબ છે.

1) સીપુ યોજનાની જમીન હોઈ,

2) જમીન દબાણ હેઠળ હોઈ,

3) કૃષિ યુનિવર્સિટીને ફાળવેલ જમીન હોઈ,

4) ઓનલાઈન અરજી કરવાની થતી હોઈ,

5) નજીકમાં તળાવ આવેલ હોઈ,

6) રક્ષિત અભ્યારણની જમીન હોઈ,

7) જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અન્ય અનુકુળ જમીનની પસંદગી કરેલ હોઈ,

8) માંગણીવાળી જમીન સ્મશાનની હોઈ

9) નીચાણવાળો વિસ્તાર હોઈ પાણી ભરાવાની શક્યતાના કારણે,

10) માંગણી મુજબ જમીન ઉપલબ્ધ ન હોઈ,

11) વીજલાઈન પસાર થતી હોઈ,

12) વૃક્ષોનુ વાવેતર કરેલ હોઈ,

મુખ્ય પેજ ઉપર જાઓ

## પૂરક નોંધ

- બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૨૨ તથા વર્ષ ૨૦૨૩ માં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા પેટા આરોગ્ય કેન્દ્રના હેતુ માટેની કુલ ૬૫ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે તથા કુલ ૭૧૫૦૧ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.
- સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૩/૦૨/૨૦૨૨ ના પરિપત્રથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા પેટા આરોગ્ય કેન્દ્ર માટે જમીન ફાળવણીની કામગીરી આઇઓરા પોર્ટલ મારફત ઓનલાઈન કરવામાં આવે છે. જે મુજબ ઓનલાઈન અરજીથી જમીન ફાળવણીના હુકમ કરવાની તમામ કાર્યવાહી ઓનલાઈન કરવામાં આવેલ છે.
- સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ ના પરિપત્રથી કરેલ જોગવાઈઓ મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ૧૦૦૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવે છે તથા પેટા આરોગ્ય કેન્દ્ર માટે ૫૦૦ ચો.મી. જમીન ફાળવવા જોગવાઈ કરવામાં આવેલ હોઈ તે મુજબ જમીન ફાળવણી કરવામાં આવે છે.
- સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૫ તેમજ તા.૦૯/૦૩/૨૦૧૬ના ઠરાવથી અમલમાં આવે નવી ગૌચર નીતિ મુજબ ગૌચરની જમીન ફાળવવામાં આવે તેની સામે તેટલી જ સરકારી જમીન ગૌચર સદરે નીમ કરવામાં આવે છે. જેથી ગૌચરની ઘટ પડતી નથી.
- બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આરોગ્ય કેન્દ્ર માટે આપેલ સરકારી જમીની વિગતો નીચે મુજબ છે.

| મળેલી અરજીઓ | મંજુર અરજી | ના-મંજુર અરજી |
|---|---|---|
| ૮૪ | ૬૫ | ૧૯ |

- બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૨૨ તથા વર્ષ ૨૦૨૩ માં કુલ ૬૫ અરજીઓ મંજુર કરી ૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા ૬૦ પેટા આરોગ્ય કેન્દ્ર માટે કુલ ૭૧૫૦૧ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ ઉપર જાઓ

**અગ્રતા ક્રમ : ૧**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૯૦૦**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી પ્રવિણભાઇ માળી ( ડીસા ) | |
|---|---|
| પ્રશ્ન ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે કેટલી અરજીઓ મળી? અને કેટલી નામંજુર/દફતરે કરવામાં આવી? |
| જવાબ | |

| સમયગાળો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | પેટા આરોગ્ય કેન્દ્ર | | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ | નામંજુર | કુલ | નામંજુર | કુલ | નામંજુર | કુલ | નામંજુર |
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | ૧૨ | ૦૭ | ૭૨ | ૧૨ | ૦૦ | ૦૦ | ૮૪ | ૧૯ |

મુખ્ય પેજ ઉપર જાઓ

# અગ્રતા ક્રમ : ૧

# વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૯૦૦

**પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રી: શ્રી પ્રવિણભાઇ માળી ( ડીસા )**

**પ્રશ્ન ૨**

આવી અરજીઓ નામંજુર/ દફ્તરે થવાના કારણો શુ હતા તથા હાલ શું સ્થિતિ છે?

**જવાબ**

| ક્રમ | વિધાનસભા મતવિસ્તાર | ગામ/ તાલુકો | હેતુ | સ.નં./ ક્ષેત્રફળ | અરજી મળ્યા તારીખ તથા દફ્તરે/નામંજુરીની તારીખ | દફ્તરે/ નામંજુર કરવાનુ કારણ | વર્તમાન સ્થિતિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૪-દિયોદર | પેછડાલ (ડીસા) | પેટા આરોગ્ય કેન્દ્ર | ૬ ૫૦૦ ચો.મી. | ૧૨-૦૧-૨૦૨૨ ૨૮-૦૧-૨૦૨૨ | સીપુ યોજનાની જમીન હોઈ | મંજૂર થયેલ છે |
| ૨ | ૧૩-ડીસા | પમરુ (ડીસા) | પેટા આરોગ્ય કેન્દ્ર | ૨૫૮ ૫૦૦ ચો.મી. | ૧૩-૧૨-૨૦૨૧ ૩૧-૦૧-૨૦૨૨ | જમીન દબાણ હેઠળ હોઈ | મંજૂર થયેલ છે |
| ૩ | ૯-ધાનેરા | નાદોત્રા (ઠા) (દાંતીવાડા) | પેટા આરોગ્ય કેન્દ્ર | - | ૧૪-૦૯-૨૦૨૨ ૧૫-૧૦-૨૦૨૨ | કૃષિ યુનિવર્સિટીને ફાળવેલ જમીન હોઈ | નવી દરખાસ્ત મળેલ નથી. |
| ૪ | ૧૦-દાંતા | રામપુરા (વ) (અમીરગઢ) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૨૫ ૪૫૫૦ ચો.મી. | ૧૦-૧૧-૨૦૨૨ ૨૮-૧૨-૨૦૨૨ | ઓનલાઈન અરજી કરવાની થતી હોઈ | નવી દરખાસ્ત મળેલ નથી. |
| ૫ | ૧૫-કાંકરેજ | સમો મોટાવાસ (ડીસા) | પેટા આરોગ્ય કેન્દ્ર | ૯૫૧ ૫૦૦ ચો.મી. | ૦૬-૦૩-૨૦૨૩ ૧૮-૦૭-૨૦૨૩ | નજીકમાં તળાવ આવેલ હોઈ | નવી દરખાસ્ત મળેલ નથી. |
| ૬ | ૧૦-દાંતા | ખાપા (અમીરગઢ) | પેટા આરોગ્ય કેન્દ્ર | ૨૩ ૫૦૦ ચો.મી. | ૨૮-૦૮-૨૦૨૨ ૩૦-૦૬-૨૦૨૩ | રક્ષિત અભ્યારણની જમીન હોઈ | નવી દરખાસ્ત મળેલ નથી. |
| ૭ | ૭-વાવ | ખારીપાલડી (ભાભર) | પેટા આરોગ્ય કેન્દ્ર | ૩ ૫૦૦ ચો.મી. | ૨૭-૦૧-૨૦૨૨ ૨૪-૦૩-૨૦૨૩ | જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અન્ય અનુકુળ જમીનની પસંદગી કરેલ હોઈ | નવી દરખાસ્ત મળેલ છે, જે વિચારણા હેઠળ છે. |
| ૮ | ૯-ધાનેરા | વાલેર (ધાનેરા) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૧૦૫૦ ૧૦૦૦૦ ચો.મી. | ૧૫-૦૩-૨૦૨૩ ૦૯-૦૬-૨૦૨૩ | માંગણીવાળી જમીન સ્મશાનની હોઈ | નવી દરખાસ્ત મળેલ છે, જે વિચારણા હેઠળ છે. |
| ૯ | ૯-ધાનેરા | ધાખા (ધાનેરા) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૧૫૩૨ ૧૦૦૦૦ ચો.મી. | ૧૭-૦૩-૨૦૨૩ ૦૯-૦૬-૨૦૨૩ | નીચાણવાળો વિસ્તાર હોઈ પાણી ભરાવાની શક્યતાના કારણે | નવી દરખાસ્ત મળેલ છે, જે વિચારણા હેઠળ છે. |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૦ | ૧૪–દિયોદર | મટુ (લાખણી) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૩ ૧૦૦૦૦ ચો.મી. | ૧૮–૦૩–૨૦૨૩ ૧૩–૦૭–૨૦૨૩ | માંગણીવાળી જમીન સ્મશાનની હોઈ | નવી દરખાસ્ત મળેલ નથી. |
| | | ૧૧ | ૧૫–કાંકરેજ | અમરનેસડા (કાંકરેજ) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૪૪૬ ૭૬૬૪ ચો.મી. | ૦૧–૦૪–૨૦૨૩ ૧૧–૦૭–૨૦૨૩ | માંગણીવાળી જમીન સ્મશાનની હોઈ | નવી દરખાસ્ત મળેલ નથી. |
| | | ૧૨ | ૧૦–દાંતા | ખાપા (અમીરગઢ) | પેટા આરોગ્ય કેન્દ્ર | ૯૭ ૫૦૦ ચો.મી. | ૨૪–૦૪–૨૦૨૩ ૩૦–૦૬–૨૦૨૩ | માંગણી મુજબ જમીન ઉપલબ્ધ ન હોઈ | નવી દરખાસ્ત મળેલ નથી. |
| | | ૧૩ | ૧૩–ડીસા | શેરગંજ (ડીસા) | પેટા આરોગ્ય કેન્દ્ર | ૧૦૮ ૫૦૦ ચો.મી. | ૨૮–૦૪–૨૦૨૩ ૨૫–૦૭–૨૦૨૩ | વીજલાઈન પસાર થતી હોઈ | નવી દરખાસ્ત મળેલ નથી. |
| | | ૧૪ | ૯–ધાનેરા | શેરગઢ (ઓ) (દાંતીવાડા) | પેટા આરોગ્ય કેન્દ્ર | ૧૦૮ ૫૦૦ ચો.મી. | ૧૮–૦૫–૨૦૨૩ ૧૮–૦૭–૨૦૨૩ | ડુપ્લીકેટ અરજી હોઈ | નવી દરખાસ્ત મળેલ છે, જે વિચારણા હેઠળ છે. |
| | | ૧૫ | ૭–વાવ | લીંબાળા (સુઈગામ) | પેટા આરોગ્ય કેન્દ્ર | ૪૪૫ ૫૦૦ ચો.મી. | ૧૯–૦૫–૨૦૨૩ ૨૪–૧૧–૨૦૨૩ | અરજી મુજબ સર્વે નંબરમાં વિસંગતતા હોઈ | મંજૂર થયેલ છે. |
| | | ૧૬ | ૧૩–ડીસા | ડીસા (ડીસા) | પેટા આરોગ્ય કેન્દ્ર | ૪૭૯૪ ૭૫૦ ચો.મી. | ૨૬–૦૫–૨૦૨૩ ૨૪–૧૧–૨૦૨૩ | જમીન દબાણ હેઠળ હોઈ | નવી દરખાસ્ત મળેલ છે, જે વિચારણા હેઠળ છે. |
| | | ૧૭ | ૭–વાવ | જોરાવરગઢ (સુઈગામ) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૫૮૩ ૧૦૦૦૦ ચો.મી. | ૦૨–૦૬–૨૦૨૩ ૨૪–૧૧–૨૦૨૩ | વૃક્ષોનુ વાવેતર કરેલ હોઈ | નવી દરખાસ્ત મળેલ નથી. |
| | | ૧૮ | ૭–વાવ | જોરાવરગઢ (સુઈગામ) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૫૮૩ ૧૦૦૦૦ ચો.મી. | ૦૯–૦૬–૨૦૨૩ ૨૪–૧૧–૨૦૨૩ | વૃક્ષોનુ વાવેતર કરેલ હોઈ | નવી દરખાસ્ત મળેલ નથી. |
| | | ૧૯ | ૧૪–દિયોદર | સરદારપુરા (૨) (દિયોદર) | પેટા આરોગ્ય કેન્દ્ર | ૬ ૫૦૦ ચો.મી. | ૦૬–૦૭–૨૦૨૩ ૧૯–૧૨–૨૦૨૩ | જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અન્ય અનુકુળ જગ્યાની પસંદગી કરેલ હોઈ | નવી દરખાસ્ત મળેલ નથી. |

ઉક્ત ૧૯ અરજીઓ પૈકી ૮ કિસ્સામાં પુન: અરજીઓ રજૂ થયેલ હતી. પુન: રજુ થયેલ આ અરજીઓ પૈકી ૩ કિસ્સામાં અરજી મંજૂર કરી જમીન ફાળવણી કરવામાં આવેલ છે. જ્યારે બાકીની ૫ અરજીઓ હાલ વિચારણા હેઠળ છે.

મુખ્ય પેજ ઉપર જાઓ

**અગ્રતા ક્રમ : ૧**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૯૦૦**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્ય: શ્રી કેશાજી ઠાકોર ( દિયોદર ) | |
|---|---|
| પ્રશ્ન 3 | બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે ફાળવણી કરેલ જમીન પૈકી કેટલી જમીન ગૌચર, ગામતળ, ખલવાડ અને સરકારી પડતર સદરની છે ? |
| જવાબ | |

| ક્રમ | જમીનનો પ્રકાર | ફાળવેલ જમીનનુ ક્ષેત્રફળ (ચોરસ મીટર) |
|---|---|---|
| ૧ | ગૌચર | ૪૪૫૦૦<br>(ચુમાલીસ હજાર પાંચસો) |
| ૨ | ગામતળ | ૪૦૦૦<br>( ચાર હજાર) |
| 3 | ખલવાડ | ૨૫૦૧<br>( બે હજાર પાંચસો એક) |
| ૪ | સરકારી પડતર | ૨૦૫૦૦<br>(વીસ હજાર પાંચસો) |
| ફુલ | | ૭૧૫૦૧<br>(ઇકોતર હજાર પાંચસો એક) |

મુખ્ય પેજ ઉપર જાઓ

અગ્રતા ક્રમ : ૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૯૦૦

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યઃ શ્રી કેશાજી ઠાકોર ( દિયોદર ) | |
|---|---|
| પ્રશ્ન ૪ | આરોગ્ય કેન્દ્ર માટે જમીન કઈ નિતી અંતર્ગત ફાળવવામાં આવે છે ? |
| જવાબ | ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ ના વહીવટી હુકમ-૩ તળે જમીન વર્ગફેર કરવામાં આવેલ છે.<br><br>સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ ના પરિપત્રથી થયેલ જોગવાઈ મુજબ સરકારી જમીન ફાળવવામાં આવે છે તથા ગૌચરની જમીન અંગે સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૫ તેમજ તા.૦૯/૦૩/૨૦૧૬ ની ગૌચર નીતિ મુજબ મહેસૂલ વિભાગની પૂર્વ પરવાનગી મેળવી જમીન ફાળવવામાં આવે છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

**અગ્રતા ક્રમ : ૧**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૯૦૦**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યઃ શ્રી અનિકેત ઠાકર ( પાલનપુર ) | |
|---|---|
| પ્રશ્ન ૫ | આરોગ્ય કેન્દ્ર માટે જમીન ફાળવવાની સત્તા કોને છે ? |
| જવાબ | ➢ ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ ના વહીવટી હુકમ-૩ તળે જમીન વર્ગફેર કરવાના અધિકાર કલેકટરશ્રીના છે.<br>➢ ૧૦૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન વહીવટી હુકમ-૩ તળે તબદિલ કરવાના અધિકાર કલેકટરશ્રીને પહોંચે છે તેથી વધુ જમીનની માંગણી હોય તો તે અંગેના અધિકાર સરકારશ્રીને પહોંચે છે.<br>➢ જયારે સરકારશ્રીની ગૌચર નીતિ મુજબ ગૌચરની જમીન ફાળવવાની સત્તા સરકારશ્રીના મહેસૂલ વિભાગ હસ્તક છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

**અગ્રતા ક્રમ : ૧**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૯૦૦**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યઃ શ્રી અનિકેત ઠાકર ( પાલનપુર ) | |
|---|---|
| પ્રશ્ન ૬ | જમીન ફાળવવાથી ગૌચરની જમીન માટે ગૌચરની ઘટ ના થાય તેના માટે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે? |
| જવાબ | સરકારશ્રીની નવી ગૌચર નીતિ મુજબ ગૌચરની જમીન ફાળવવામાં આવે તેની સામે તેટલી જ સરકારી જમીન ગૌચર સદરે નીમ કરવામાં આવે છે. જેથી ગૌચરની ઘટ પડતી નથી. |

મુખ્ય પેજ ઉપર જાઓ

**અગ્રતા ક્રમ : ૧**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૯૦૦**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ | |
|---|---|
| પ્રશ્ન ૭ | આ હેતુ માટે જમીન ફાળવવાના ધોરણો શુ છે ? |
| જવાબ | સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ ના ઠરાવની જોગવાઈ મુજબ નીચે મુજબના નોર્મસ નક્કી થયેલ છે.<br>➢ પેટા આરોગ્ય કેન્દ્ર માટે ૫૦૦ ચોરસ મીટર જમીન<br>➢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ૧૦,૦૦૦ ચોરસ મીટર જમીન<br>➢ સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે ૧૦,૦૦૦ ચોરસ મીટર જમીન |

મુખ્ય પેજ ઉપર જાઓ